**કેન્વાસ**

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ખ્વાજા સીરા, હર્મેફ્રડાઈટ, ખુસરા, માસી, કિન્નર



આગળ વાંચતાં પહેલાં એક મજાનું કામ કરીએ. યુટ્યુબમાં જઈને અલેસેન્દ્રો મોરેસ્કી એવું સર્ચ કરો. સૂટ-ટાઈ પહેરેલા એક માણસનો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો દેખાશે તે વીડિયો સાંભળો. ત્રણેક મિનિટનું તે ગાયન આંખ બંધ કરીને સાંભળીને એક સવાલનો જવાબ આપો. તમે જે ગીત સાંભળ્યું એ અવાજ કોનો હતો? પુરુષનો? કે સ્ત્રીનો? બાળકનો અવાજ લાગ્યો? તો એ છોકરો ગાય છે કે છોકરી? જેના કાન સંગીતથી ટેવાયેલા હશે કે મ્યુઝિક ફિલ્ડમાં કામ કરતા હશે એના માટે પણ આ અવાજ સાંભળીને આ ઇટાલિયન ગાયકની જેન્ડર નક્કી કરવી અઘરી થઇ પડશે.

રહસ્ય વધુ ઘેરું બન્યું. રાઈટ? આટલું સરસ ઓપેરા વોકલ આપનાર ગાયક કઈ સેક્સનો છે? આદર્શ અને વાસ્તવિક જવાબ એ છે કે સંગીતમાં જાતિની શું જરૂર? પુરુષ હોય કે સ્ત્રી, શું ફરક પડે છે? સાંભળવાની મજા આવીને? બસ તો પછી.

શીર્ષકને કારણે વિવાદમાં પડેલી 'લક્ષ્મી' ફિલ્મને કારણે (અથવા તો તે આટલી નબળી ફિલ્મ હોવાના કારણે) ધાર્મિક આસ્થાને લઇને ચર્ચાઓ થઇ, પણ કિન્નરોને લઇને કોઈ ચર્ચા નહિ. દુઃખ સાથે કહેવું પડે છે કે આપણે ત્રીજી જેન્ડર માટે કિન્નર શબ્દ જાગૃતપણે જ વાપરીએ છીએ. બાકી એ 'લોકો' માટેના બીજા ઘણા ઊતરતા શબ્દો મનમાં આવી જતા હોય છે.

જોકે એક સારી વાત છે કે ખાસ કોઈ મોટા કેમ્પેઈન વિના કે મોટી ક્રાંતિ વિના નવી પેઢીમાં કિન્નરોને લઈને કોઈ છોછ નથી.

આપણા દેશમાં તો બહુ મોડા તેમને એક યોગ્ય સ્થાન મળ્યું. બાકી ૨૦૦૯માં તો ભારતના ઈલેક્શન કમિશને ત્રણ કિન્નર કેન્ડિડેટને પોતાને પુરુષ અથવા સ્ત્રી તરીકે ઓળખાવવા પર મજબૂર કરી દીધા હતા. હવે તો તેમના પાસપોર્ટ પર 'ઈ' લખાય છે. ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે આ કોમ્યુનિટીને સમાન હક્કો આપ્યા.

આપણે ઘણી વખત કહ્યું છે કે માનવજાતે સ્ત્રીઓ પર બહુ અત્યાચાર કર્યા છે. સ્ત્રીજાતનું શોષણ હજુ પણ દુનિયાના ઘણા ભાગોમાં થતું આવ્યું છે. ગુલામીપ્રથા પણ મનુષ્ય જાતિના સૌથી કલંકિત પ્રકરણોમાંનું એક છે, પરંતુ જો ઈતિહાસને હજુ એક નવી નજરેથી જોઈએ તો સૌથી વધુ ક્રૂરતા ટ્રાન્સજેન્ડર લોકો સાથે આચરવામાં આવી છે. ઉપર જે અલેસેન્દ્રો નામના ગાયકની વાત કરી એના જેવા ઘણા ગાયકો મધ્યકાલીન સમયથી કે તેના પહેલાથી હતા. આવા ગાયકોની ગાયકીને 'કેસ્ટ્રેટો' કહે.

ફિઝિકલ કેસ્ટ્રેશન અર્થાત્ લિંગોચ્છેદન કરેલા ગાયક. તેન પર આવો જુલમ કરવાનું કારણ શું? તેનો અવાજ ડેવલપ ન થાય એટલે. પુખ્ત શરીરમાં બાળક જેવો અવાજ રહે, પણ તેની ગાયકીની રેન્જ ફિમેલ વોઈસ જેવી વિશાળ થઇ જાય. કેટલાંય ચર્ચ પાસે આવા સિંગર રહેતા, જેની પ્રાર્થના સાંભળવા માટે લોકો ઊમટતા.

અત્યારે એકવીસમી સદી ચાલે છે. ઇસુ ખ્રિસ્તના જન્મ પહેલાંની એકવીસમી સદીના સુમેરિયન શહેરમાં પણ ટ્રાન્સજેન્ડર લોકો હતા. ચાઈનીઝ, વાઈકિંગ્સ, આફ્રિકન પ્રદેશ, ગ્રીકો, હૂણો, રોમનો વગેરે બહુ મોટી સંખ્યામાં ટ્રાન્સજેન્ડરને રાખતા. કિન્નર લોકોએ આખી દુનિયાનું શતાબ્દીઓથી મનોરંજન કર્યું છે, સેવા આપી છે, માનવજાતની વિકૃતિ સહન કરી છે.

કિશોરાવસ્થામાં કોઈ બાળક (મોટા ભાગે છોકરો) પહોંચવાનો હોય અને તેના લિંગનું છેદન કરી નાખવામાં આવે અથવા તો કોઈ બાળકને નાનપણથી જ એવી રીતે ઉછેરવામાં આવે કે તે મોટો થઇને ત્રીજી જાતિના માણસ તરીકે જ ઓળખાય. મોટા થઇને જે તે કિન્નરની ખાસિયત પ્રમાણે તેને 'રિક્રૂટ' કરવામાં આવે. ગાયક તરીકે, દ્વારપાળ તરીકે, પોતાની રાણીના સેવક તરીકે, જનાનખાનાના ચાકર તરીકે, રાજા/અમીરના ગુલામ તરીકે, સૈનિક તરીકે કે પછી રખાત તરીકે.

ભારતમાં કિન્નરોનો ઉલ્લેખ કેટલી બધી વખત થયો છે. મહાભારતની તો બધાને ખબર છે, પરંતુ રામાયણના એક વર્ઝન મુજબ રામ ભગવાનને અયોધ્યા નગરીથી જંગલ બાજુ ફોલો કરી રહેલા લોકોને જ્યારે રામે સંબોધીને કહ્યું કે પુરુષો અને સ્ત્રીઓ પાછાં જાઓ. પછી ચૌદ વર્ષના વનવાસ પછી જ્યારે રામ પાછા આવ્યા ત્યારે ટ્રાન્સજેન્ડર લોકો ત્યાં જ ભગવાનની રાહ જોતા હતા.

એક ઓછી જાણીતી કથા મુજબ અર્જુનનો એક પુત્ર ઈરવાન (જેણે કાલી મા પાસેથી મેળવેલા વરદાનને કારણે પાંડવોનો વિજય થયો એવું કહેવું હોય તો કહી શકાય) દક્ષિણ ભારતના આરવાનીસ કોમ્યુનિટીના ટ્રાન્સજેન્ડર લોકોનો પૂર્વજ ગણાય છે. અર્જુન અને નાગવંશની ઉલુપીના દીકરા ઈરવાનની સાથે લગ્ન કોણે કરેલાં? મોહિનીએ. મોહિની એટલે કૃષ્ણનું એક સ્વરૂપ!

ઉર્દૂમાં ખ્વાજા સીરા જેવો સારો શબ્દપ્રયોગ છે તો ક્યારેક તેમને ખુસરા પણ કહે છે. ઉભયલિંગી એટલે હર્મેફ્રડાઈટ લોકોને ક્યારેક માસીબા જેવા સંબોધનથી પણ આપણે લોકો બોલાવતા હોઈએ છીએ.

એક સારી વાત એ છે કે આજની પેઢીને 'ત્રીજી જાતિના' લોકો સાથે વાતચીત કરવામાં કે દોસ્તી કરવામાં પણ કોઈ છોછ નથી. ટીવી પરના શોમાં પણ ક્યારેક ક્યારેક ટ્રાન્સજેન્ડર લોકો દેખાતા હોય છે. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી જેવા માણસો તો દેશવિદેશમાં મશહૂર થયા છે.

પીએચ.ડી. હોલ્ડર ડો. મનાબી બંદોપાધ્યાય કે તમિલનાડુના પહેલા ટ્રાન્સજેન્ડર વકીલ સત્યાર્શી શર્મિલા કે ભારતના પહેલા ટ્રાન્સજેન્ડર પોલીસ પૃથિકા યાશિની કે પછી ભારતની પહેલી ટ્રાન્સ બ્યુટી પીજન્ટના વિજેતા નિતાશા બિશ્વાસ જેવા ઘણા બહાદુર લોકો છે જેમણે બાયોલોજી અને સમાજની શરમને અતિક્રમીને એક ઊંચો મુકામ હાંસિલ કર્યો.

ટ્રાન્સજેન્ડર હવે અમુક વડીલો માટે ટેબુ હશે બાકી ભવિષ્યમાં ત્રીજી જાતિના લોકો સમાજ સાથે ખૂલીને હળતામળતા હશે, પણ અફસોસ કે ટ્રાન્સજેન્ડર કે ફોર ધેટ મેટર એલજીબીટીક્યુ કોમ્યુનિટીના કોઈ પણ સભ્યને સમાજ સ્વીકૃતિ આપે છે, પણ એ જ દેશ અને સમાજમાં અટક અને માઈનોરિટી કાર્ડ વજનદાર બનતાં જાય છે. ભારતની જેમ બીજા કોઈ દેશને ઊર્ધ્વ સાથે અધોગતિ કરતાં આવડે છે? ■

**મિજાજ મસ્તી**

સંજય છેલ
sanjay.chhel@
bombaysamachar.com

# ન વંચાતાં પુસ્તકોનો ઉપાયઃ પ્રેરણાની પરબ ખોલો!



**ટાઇટલ્સઃ લૂક ને બુકનું કાંઇ કહેવાય ના!**
**(છેલવાણી)**

એલેકઝાંડર ડૂમા નામના લોકપ્રિય રશિયન લેખકે એના દીકરાને પૂછ્યુંઃ મારી લેટેસ્ટ નોવેલ વાંચી ?

દીકરાએ સામું પૂછ્યુંઃ તમે વાંચી?

મોટાભાગના લેખકો પોતાનું જ લખાણ વાંચતા નથી ને એમાંને એમાં સારાં પુસ્તકો લખાતાં-વેંચાતા નથી! હમણાં યુરોપમાં બ્રસેલ્સમાં એક નિલામીમાં માત્ર પાંચ મિલિમીટરની રેર ટચૂકડી પુસ્તિકાના ૪,૩૦૯ ડોલર મળ્યા જેમાં કેથલિક પ્રાર્થનાઓ છાપવામાં આવી છે! વિદેશમાં પુસ્તક પ્રેમીઓ કંઇપણ કરી શકે છે. આપણે ત્યાં ૨૦૦ રૂ.ની ૧૨૦૦ કોપી વેંચવામાં દમ નીકળી જાય છે! હમણાં અમને એક પબ્લિશરે કહ્યું કે આજકાલ વાર્તા-નવલકથા-કવિતાનાં પુસ્તકો નથી વેંચાતા પણ રસોઇ, આરોગ્ય ને પ્રેરણાત્મક બુક્સ જ લોકો ખરીદે છે!ને અમે આ નવા ૨૦૨૨ના નવા વરસે મહાન સાહિત્ય લખીને અમર થવાવાનો અભરખો છોડી દીધો!

વેંચાતી બુક્સ લખવાના પ્રયાસમાં લેખક તરીકે લોચો એ પડ્યો કે અમને કોઇપણ ભાષામાં રસોઇ કરતા નથી આવડતું. આરોગ્યમાં તો એવું છે ને અમે અમારું આરોગ્ય પણ માંડ માંડ ટકાવી રાખ્યું છે તો એનાં પર કઇ રીતે લખી શકાય? જો કે વાચકો ઉદાર છે. જે લેખકો કદીયે પરણ્યા નથી એ લોકો પણ પ્રેમ ને લગ્ન પર લખતા હોય છે. પોતાનાં લગ્નમાં લોચા હોય છે એવાં લોકો પાછા લગ્નજીવન કેમ ટકાવવું એના પર સલાહ આપતા હોય છે.

તો એવામાં અમારી પાસે એક જ વિકલ્પ બચ્યોઃ પ્રેરણાત્મક પુસ્તક લખવા! ૧૦૦ દિવસમાં સફળતા, આત્મવિશ્વાસની આકાશગંગા- જેવાં પુસ્તકોને લેખકો ઘેરબેઠાં ૧૫-૨૦ હજારમાં લખી આપે છે ને બિચારા વાચકો માને છે કે એ બુકસ વાંચીને પોતે કરોડો કમાઇ લેશે! અહીં આપણને તો લેંઘાની નાડી કે બારીનાં પડદાં બદલવામાં પસીનો છૂટી જાય છે તો બીજાને શું પ્રેરણા આપીએ? વળી અમને 'વિનર નેવર ક્વિટ્સ અને કવિટર નેવર વિન્સ' જેવા ચબરાકિયા વાક્યોની એલર્જી. તો એવી બુક કઇ રીતે લખવી? તો જાણવા શ્વાસ રોકીને ૭-૮ પ્રેરણાત્મક બુકસ રાતોરાત વાંચી કાઢી!

**ઇન્ટરવલઃ**
**જીવન મેરા બીત ગયા,**
**જીને કી તૈયારી મેં! (બચ્ચન)**

પણ બે-ચાર જ દિવસમાં પ્રેરણાત્મક બુક્સ વાંચીને પરસેવો છૂટી ગયો. મનમાં ઉમંગ જાગવાને બદલે ઉકળાટ થયો કે આમાં શું સમજવું? જેમ કે-

**૧. જીવનમાં જે કાંઇ પણ થાય છે એ સારા માટે થાય છે-**

એમ? પણ કોઇ કહેશે કે જે થાય છે એ એક્ઝેટલી કોના સારા માટે થાય છે? ધારો કે તમારી ગર્લફ્રેંડ તમારા ફ્રેંડ સાથે ભાગી જાય તો એમાં તમારું શું સારું થયું? કે તમારા પેલા નાલાયક મિત્રનું સારું થયું? કે પછી જાતને એમ મનાવવાનું કે તમારી ગર્લફ્રેંડ, તમારા ત્રાસથી છૂટી એટલે એનું સારું થયું?

અથવા તો ધારો કે તમારા નવા સૂટ પર જો ચકલી ચરકે તો ઇશ્વરનો આભાર માનવાનો કે થેંક ગોડ, આ તો તારી કૃપા છે કે મારા પર ચકલી ચરકી, તેં જો ગાય-ભેંસને ઉડવાની શક્તિ આપી હોત તો પોદળાં અમારાં પર પડત!તો શું આવું પોઝિટિવ વિચારવાનું?

**૨. રમતમાં જીત કે હાર મહત્ત્વની નથી!**

એમ? તો સ્ટેડિયમમાં સ્કોરબોર્ડ શું જખ મારવા માટે હોય છે? પેલાં રેફ્રીઓ અને અમ્પાયરો પોતાનાં શરીર પર ભીનાં કપડાં સૂકવવાં તડકામાં ઊભાં હોય છે? માત્ર રમવું જ મહત્ત્વનું હોય તો ૫૦ ઓવરમાં કે ૫ દિવસમાં મેચ કેમ પૂરી કરવાની?રમ્યાં કરોને ગમે તેટલાં દિવસ? હાર- જીત અગત્યનાં નથી તો ચેમ્પિયન કોણ બનશે,સ્ટેડિયમનો માળી?અને બિચારાં બૂકી લોકો શેના કરોડો રૂ.નું રિસ્ક લે છે?

**૩.જગત રંગમંચ છે ને આપણે સૌ કલાકારો છીએઃ**

આખી દુનિયા સ્ટેજ છે તો પ્રેક્ષકો ક્યાં આપણાં માથા પર બેસશે? જો આપણે બધાં જ કલાકારો છીએ તો એ નાટક જુએ છે કોણ ? ઇ.ટી. જેવા એલિયનો? અને જો ખરેખર આખું જગત નાટક હોય તો પછી ભગવાન બહુ ખરાબ ડાયરેક્ટર કહેવાય,જેણે ઢંગધડ વિનાનું આ નાટક બનાવ્યું છે.

**૪.તમારી તકદીર તમારા હાથમાં છે, પુરુષાર્થ કરોઃ**

અચ્છા?રસ્તા પર ચાલતાં ચાલતાં મારાં પર ઝાડ પડે ને મારા રામ રમી જાય તો એમાં મારી મહેનત ક્યાં વચ્ચે આવી?કોઇ સેવાભાવી સજ્જન ગરીબ દર્દીઓની માટે મોસંબીનો જ્યુસ લઇને હૉસ્પિટલમાં જાય અને ત્યાં બૉમ્બ ફાટે અને એ ભાઇ ઉકલી જાય તો એનાં સારાં કર્મ ક્યાં ગયા?મોસંબીનો રસ પીધા વિના વેસ્ટ ગયો એ અલગ?

ઇન શોર્ટ,આવું બધું વાંચીને અમને લાગે છે કે પ્રેરણાત્મક પુસ્તકો લખવાનું પણ આપણને જરાયે નહીં ફાવે. ગુજરાતીમાં રસોઇ, આરોગ્ય, આધ્યાત્મ અને સ્ત્રી-પુરુષના સંબંધો સિવાય શેનાં પર લખી શકાય એની પ્રેરણા આપતું પુસ્તક કોઇ લખે તો એ વાંચીને જ કંઇક સૂઝ પડે! બાકી ત્યાં સુધી તો વાંકદેખી કૉલમ જ સારી!

**એન્ડ ટાઇટલ્સઃ**

**આદમઃ હું માત્ર વિચારોથી ચમચી વાંકી વાળી શકું.**

**ઇવઃ પ્લીઝ! હમણાં જ નવો સેટ વસાવ્યો છે!**■

**રંગ છલકે**

કિન્નર આચાર્ય
feedback@bombaysamachar.com

# ઓટોબાયોગ્રાફી ઓફ અ યોગીઃ માત્ર ભારત જ નહીં, વિશ્વનાં બેસ્ટ સેલર પુસ્તકમાં શાનભેર સ્થાન!

આપણે કોણ છીએ? આપણું વાસ્તવિક સ્વરૂપ શું છે? શું મૃત્યુ પછી બધું જ ખતમ થઈ જાય છે? આપણે કઈ રીતે જીવી રહ્યા છીએ? એવી કઈ શક્તિ છે જે આ સંસાર અને આપણા સૌનું સંચાલન કરી રહી છે? આપણે કોના આધીન છીએ? એવા રહસ્યમયી પ્રશ્નોના ઉત્તર 'યોગી કથામૃત' પુસ્તકમાંથી મળશે. વ્યક્તિ વિશેષને સંતોષ આપવામાં અને આત્મસ્વરૂપના બોધ માટેનું આ માર્ગદર્શક પુસ્તક વીસમી સદીનાં શ્રેષ્ઠ ૧૦૦ પુસ્તકોની યાદીમાં સ્થાન ધરાવે છે. રાષ્ટ્રપિતા ગાંધીજીથી લઈ સુપરસ્ટાર રજનીકાંત અને રમતવીર કોહલી સુધીના દેશી-વિદેશી આમ ઓર ખાસ લોકોએ લેખક અને તેમના વિચારોથી પ્રભાવિત થઈ પોતાનો જીવન જીવવાનો દૃષ્ટિકોણ બદલ્યો છે. આ પુસ્તકના લેખક પરમહંસ યોગાનંદ ધાર્મિક ઉદારવાદીઓના આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેનારા ત્રીજા ભારતીય સંત હતા. તેમના પહેલાં સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થે આ પ્રકારના ધર્મ સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી વિશ્વ ફલક પર ભારતના પ્રાચીન અધ્યાત્મ વિજ્ઞાનની સમજ આપી છે. વાત થાય છે, 'ઓટોબાયોગ્રાફી ઓફ અ યોગી'ની. ગુજરાતી અનુવાદનું નામ છેઃ 'યોગી કથામૃત'.

'યોગી કથામૃત' પુસ્તકને કિશોર સ્ટીવ જોબ્સે વાંચી તેનાથી પ્રભાવિત થતાં અધ્યાત્મની ખોજમાં હિમાલય આવ્યા હતા. વર્ષમાં એક વખત યોગી કથામૃતનો આસ્વાદ લેતા જોબ્સના આગ્રહથી એપલના સહસ્થાપક વોલ્ટર ઈસાકસન, સેલ્સસેર્સ.કોમના સીઈઓ માર્ક બેનીઓફ અને વિશ્વનાં જુદાં જુદાં ક્ષેત્રોના મહાનુભાવોએ આ સૂક્ષ્મ દુનિયા અને તેવી જ શક્તિનો પાત કરાવતી આત્મકથાથી ઊર્જા મેળવ્યાનો પશ્ચિમના દેશોના મંચ પર જાહેર એકરાર કર્યો છે.

સિતારવાદક પંડિત રવિશંકરે બિટલ્સના જ્યોર્જ હેરિસનને આ પુસ્તક માટે ભલામણ કરી તે પછી જ 'બિટલ્સ' ભારતીય સંસ્કૃતિ અને ગૂઢ અધ્યાત્મવાદ તરફ આકર્ષાઈ તેઓની પ્રતિભા ખીલી ઊઠી હતી.

યોગી કથામૃત એટલે જીવન પરિવર્તિત કરનારું પુસ્તક. એક એવું પુસ્તક જેના વાચનમાત્રથી જીવન જીવવાની શીખ સાથે જીવ સમૃદ્ધ બની જાય છે. જેમ જેમ પુસ્તક વાંચતા જઈએ તેમ તેમ જન્મથી આજ અને આજથી આવતી કાલ, ભવિષ્યમાં થનારા મૃત્યુ પછીના જીવન સુધીનો ખ્યાલ મળતો જાય. યોગી કથામૃતના વાચન દરમિયાન ક્યારેક આશ્ચર્ય તો ક્યારેક અબોલ તો ક્યારેક એકદમ ઉત્સાહિત તો ક્યારેક અચેતન અવસ્થામાં પ્રવેશી જઈએ. એક રીતે જોવા જઈએ તો આ પુસ્તક માસ માટેનું નથી, ક્લાસ માટેનું છે. આમ છતાં આ પુસ્તકના માધ્યમથી લેખક પરમહંસ યોગાનંદે માત્ર અધ્યાત્મના જિજ્ઞાસુ જ નહીં, પરંતુ સમાજના દરેક વર્ગના જનજનને કંઈક ને કંઈક આપવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

સાહિત્યના પ્રકારથી યોગી કથામૃત પુસ્તક યોગી ગુરુ પરમહંસ યોગાનંદની આત્મકથા છે, પરંતુ જો જોવા જઈએ તો આશરે પાંચસો પાનાંનું આ દળદાર પુસ્તક ભારતવર્ષના એક આધ્યાત્મિક આત્માનું જીવન ઈતિહાસ, યોગ આંદોલનની ઉત્પત્તિથી ઉત્ક્રાંતિ અને ચમત્કારોનો ખજાનો છે.

એમ પણ કહી જ શકાય કે આ પુસ્તક એ પુસ્તક નહીં, પરંતુ




અધ્યાત્મ અને વિજ્ઞાનના દરવાજાઓ પર જડસુઓએ ઠોકેલા તાળાને ખોલતી ચાવી છે. આટલું કાફી નથી, ખરા અર્થમાં યોગી કથામૃત સ્પિરિચ્યુઆલિટી અને ફિલસૂફીના રસિકો અને આ ક્ષેત્રમાં આગળ વધવા માગતા ઈચ્છુકો માટે ટેક્સ્ટ બુક કે રેફરન્સ બુક છે.

આ પુસ્તકના લેખક દ્વારા કૃષ્ણ અને ક્રાઈસ્ટે આધુનિક ગીતા અને બાઈબલની દુનિયાને ભેટ ધરી છે. યોગી કથામૃત ઈશ્વરની પ્રસાદી છે એટલે કોઈને ભેટ સ્વરૂપે આપવા આ પુસ્તકથી વિશેષ કોહિનૂર પણ નહીં હોય.

વીસમી સદીની શરૂઆતમાં બંગાળમાં એક આધ્યાત્મિક ગુરુ, યોગી અને સંત થઈ ગયા - પરમહંસ યોગાનંદ. જેઓને નાનપણથી જ અધ્યાત્મ અને સંન્યાસ પ્રત્યે જબરદસ્ત આકર્ષણ અને જિજ્ઞાસા હતી. હિમાલયની આધ્યાત્મિક દુનિયા આ બાળકને સતત પોતાના તરફ કુતૂહલવશ ખેંચતી રહેતી હતી. શરૂઆતમાં તો આ બાળકના ઘર-પરિવારના સભ્યોએ બાળકને ધર્મ-અધ્યાત્મ અને બાવા-સાધુઓથી દૂર રહેવાના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ બાળકની આસ્થા પાસે બધું વામણું પડ્યું અને બાળક મુકુંદની આધ્યાત્મિક જીવન સફર શરૂ થઈ. જે યાત્રા અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત સેલ્ફ રિયલાઈઝેશન ફેલોશિપ સેન્ટરમાં સમાપ્ત થઈ. આમ, પ્રકૃતિની નિયતિ પાસે પરિવારની અનિચ્છા ન ચાલી અને સ્વામી યોગાનંદે પોતાને મળેલો દેહકાળ સાર્થક કર્યો.

બાળક મુકુંદ એટલે કે સંન્યાસી બની સ્વામી પરમહંસ યોગાનંદ નામ ધારણ કરનાર આ આધ્યાત્મિક સંતે પોતાના જીવન દરમિયાન ઘણા બધા પ્રકારના યોગીઓ, સાધુ-સંતો, વૈજ્ઞાનિકો, ચમત્કારીઓ, ઈતિહાસ પુરુષો અને વિશ્વપ્રસિદ્ધ નેતાઓથી મળ્યા. બસ આ બધા લોકોની મુલાકાતો, બાળપણના પ્રસંગો અને એ બધાને સંલગ્ન ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક વિચારો અને લેખકના અન્ય લોકો સાથેના જન્મોજન્મ સાથેનાં સંબંધો, બંધનો અને કર્મો સાથે ક્રિયાયોગની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે. ભારતના પશ્ચિમ જગત સાથેના જૂના આધ્યાત્મિક સંબંધો પણ આ પુસ્તકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી દર્શાવવામાં આવ્યા છે. ખાસ તો ક્રિયાયોગ માટે જ આ પુસ્તક લખાયું હશે, છે.

ભારતીય પરંપરા અનુસાર ક્રિયાયોગ બહુ જ મહત્ત્વપૂર્ણ છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગીતામાં તેનો ઉલ્લેખ કર્યો જ છે. યુગોયુગથી ચાલી આવતી આ ક્રિયાયોગ શિક્ષા, પરંપરા આજથી બે સદી અગાઉ લુપ્ત થઈ ચૂકી હતી ત્યારે યોગાનંદજીના ગુરુ બાબાજીએ તેમના કેટલાક ખાસ શિષ્યોને તેની શિક્ષા આપી હતી.

યોગાનંદજીએ ક્રિયાયોગની શિક્ષાના ફાયદા જોતાં તે પદ્ધતિ યોગી કથામૃત તથા અન્ય પુસ્તકોના માધ્યમથી અને ધ્યાન કેન્દ્રની સ્થાપનાથી સર્વસુલભ અને સરળ બનાવી. યોગી કથામૃતમાં ગાંધીજીએ પણ લેખક યોગાનંદ પાસેથી ક્રિયાયોગની શિક્ષા લીધી હોય તેના પ્રાસંગિક પુરાવાઓ ફોટા સહિત છે. આ સિવાય રજનીકાંતથી કોહલીની અપ્રતિમ સફળતા અને લોકપ્રિયતાનાં મૂળિયાં યોગી કથામૃત પુસ્તક, તેના લેખક અને લેખકના ગુરુ યુક્તેશ્વરગિરિ, લાહિડી મહાશય અને ધી ગ્રેટ સોલ બાબાજી સુધી જઈ નીકળે છે.

યોગી કથામૃત પુસ્તક યોગ પરંપરા સાથોસાથ હિમાલય સહિત ભારતભરના સાધુ-સંત, સંન્યાસી અને યોગીઓથી પરિચિત કરાવે છે. વધુમાં વિજ્ઞાનનાં રહસ્યોને ઉકેલતા એવા કિસ્સાઓ રજૂ કરે છે જે તમારા વિશ્વાસ બહાર રહેશે. જો વાંચો તો જાણો અને જાણો તો માનો-અનુભવો એ જ આ રોમાંચકારી પુસ્તકની સફળતાનું રહસ્ય મને લાગ્યું છે અને ખાસ તો માનવ મન-મગજ સાથે જોડાયેલા તમામ સવાલના જવાબ આ પુસ્તકમાં છે. જીવનના અર્થ સાથે મૃત્યુ બાદના જીવનની સંભાવનાઓ પર પણ આ પુસ્તક પ્રકાશ પાથરે છે. આ સિવાય ઈન્ટરનેટ પણ ઘણી બધી માહિતી અને જાણકારી ઉપલબ્ધ છે જ. યોગી કથામૃત વિશે બધું થોડું હું અહીંયાં કહી શકીશ?

યોગી કથામૃત પુસ્તક સાથોસાથ આ પુસ્તકના લેખક સ્વામી યોગાનંદ વિશે પણ જાણવું જરૂરી ખરું, કેમ કે સ્વામી યોગાનંદ પોતાના પુસ્તક જેટલી જ મહાન કક્ષા ધરાવે છે. વિદેશમાં તેઓ પર ફિલ્મો બની છે. તમે પણ નામ સાંભળ્યું જ હશે અથવા પિક્ચર જોયું હશે : અવેક. એ સિવાય સ્વામી યોગાનંદજી પર ભારતમાં બે-બે વાર ટપાલ ટિકિટ પણ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. એક વાર ૧૯૭૭માં અને બીજી વાર ૨૦૧૭માં. ભારતથી લઈ પશ્ચિમના દેશોમાં ભારતીય યોગ પદ્ધતિના પ્રચાર-પ્રસારના તેઓ પાયોનિયર ગણાય છે. ■

## ઓપન માઈન્ડ (છઠ્ઠા પાનાનું ચાલુ)

બધું હોવા છતાં આમ કહેવા જાઓ તો ખાલી ખુલ્લો પ્લોટ છે અને એમને ઢાંકવા માટે નાનકડાં બે ઝૂંપડાં છે, જે એમ ને એમ નથી મળ્યાં.

વિશ્વાસ જીતીને આટલાં વર્ષોની મહેનત પછી પોતાના માટે બનાવ્યાં છે, પણ આ ખુલ્લા મેદાનમાં તેઓ ચૂલો સળગાવીને મસ્ત મજાનું પોતાનું ભોજન બનાવી રહ્યા છે. સુંદર અનુભૂતિ થઈ રહી છે. સુંદરતા અને સંસ્કાર સાથે હોઇ શકે છે તે વ્યાખ્યા સવાર સવારમાં સાર્થક થતી જોઈ રહી છું.

બંને વહુઓ પોતાના સંસ્કારને માથે ઓઢી અને લાકડાં તોડી-વીણી ચૂલો સળગાવી એક બાજુ છોકરાઓને હસતાં હસતાં દૂર ખસેડી સસરા કે સાસુને સામે ન આવવું પડે એવું માથે ઓઢી અને કામ કરવું એ એક સુંદર મજાની પોતાની સ્ત્રીની ઓળખાણ છે. એને આપણે ઓલ્ડ ટ્રેડિશનના નામે કે જબરજસ્તીના નામે વખોડતા હોઈએ છીએ. આજના આધુનિક યુગમાં પણ આટલા શહેર જેવા વિસ્તારમાં વર્તન અને વ્યવહાર સચવાતાં હોય તો સંસ્કૃતિ અને ધરોહરની ચિંતા કરવાની જરૂર નથી, પણ સંસ્કૃતિનું પાલન કરનાર લોકોને એ રીતે જીવવા દઇએ, એમને માન આપીએ.

આ વાતનું સારું ચિંતન કરીએ તો ભવિષ્ય સકારાત્મક રહેશે. એવી સુંદર સવારની આપણને સાંત્વના છે.

તાજેતરમાં મધર્સ ડે ઊજવાયો તે નિમિત્તે કહેવાનું મન થાય કે 'મા, તું ક્યાં છે-ની શોધમાં આંખો સુકાતી જાય છે, પણ દરેકની હયાતીની મને સમજણ આપનારાં મારાં માતા-પિતા, તમારો આભાર માનવાનું મન થાય છે.' સાથે ટાગોર જયંતી પર નોબલ પ્રાઇઝ વિનર કવિ રવીન્દ્રનાથની પણ યાદ આવી જાય છે.

પેલી કહેવત કહેવાનું પણ મન થાય છે કે... 'બ્યુટી લાય્ઝ ઇન ધ આઇસ ઓફ ધ બીહોલ્ડર' એટલે વિશ્વની સુંદરતા જોવાની ક્ષમતા વ્યક્તિની દૃષ્ટિમાં હોય છે. આવો આને સાર્થક કરીએ. ટીવી, નેટ, વેબ પર તો સુંદર વસ્તુઓ જોઇએ જ છીએ સાથે શક્ય હોય તો થોડુંક સારું વાંચીએ, જાણીએ અને આપણી સમક્ષ ઘટતી નાની નાની સુંદર સાંસ્કૃતિક ઘટનાઓને માણીએ. કહે છેને કે આ દુનિયા એક રંગીન મંચ પર ભજવાતું નાટક છે અને આપણે કઠપૂતળીઓ, તેમાં ભજવાતાં પાત્રોના કલાકાર...

કૃષ્ણ કદાચ રચી રહ્યા છે રાસ,
આપણે એની ગોપીઓ ને ગોવાળ. ■